# શક્તિ-સેવા-સ્વામીનિષ્ઠાનો સંગમઃ હનુમાન

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ચૈત્ર માસની વ્રતની પૂનમ તા. 01-04-2026ના રોજ છે અને ચૈત્ર પૂનમ તરીકે તા. 02-04-2026 ગુરુવારે છે ત્યારે વૈશાખ સ્નાન આરંભ થાય છે અને શ્રીરામ ભકત હનુમાનની જન્મજયંતી ઉજવાય છે. 'હનુમાન જયંતી'

ચૈત્ર પૂનમના પવિત્ર દિવસે પ્રાતઃકાલે સૂર્ય ઉદયના પ્રભાતે મહાબલી હનુમાનનો જન્મ થયો છે. વાનર કુળનું અભિમાન, શક્તિસંચયી, બ્રહ્મચર્ય વ્રતાભિમાની, સત્ય, સંયમ અને વચનપ્રેમી, રઘુકુળના સ્વામી શ્રી રામ પ્રભુનો એકનિષ્ઠ સેવક, રામનામ પ્રસારક અને પ્રચારક, બજરંગબલી, કેસરી રાજનંદન, અંજનીપુત્રની હનુમાન જયંતી દેશમાં ગામેગામે બહુ જ શ્રદ્ધાથી ઉજવાય છે અને યુવાનો શક્તિ ઉપાસનાનું વ્રત અંગિકારીને કસરત કરવાનો સંકલ્પ કરે છે. દરેક રાષ્ટ્રને શક્તિવાન, સામર્થ્યવાન, બળશાળી યુવાનોની જરૂર હોય છે એટલે ગામડે ગામડે પાદરમાં હનુમાનજીનાં મંદિરો સ્થપાયેલ દેખાય છે. શ્રીરામના પરમ ભકત રામદાસસ્વામી જે છત્રપતિ શિવાજી મહારાજના ગુરુસ્થાને હતા તે પોતે બ્રહ્મચારી હતા અને શ્રી હનુમાનની સેવામાં તત્પર હતા. એમના કાલખંડમાં એમણે હનુમાનજીનાં મંદિરો અને કસરત કરવાના અખાડાઓની સ્થાપના કરીને નવ જવાનોમાં શક્તિનું તેજ અર્પણ કર્યું હતું.

સવારે સૂર્યોદયના પ્રભાતે શ્રી હનુમાનજીનો જન્મ ઉજવવાની પ્રથા એમણે શરૂ કરી. રાજા દશરથના પુત્રકામેષ્ટી યજ્ઞમાંથી અગ્નિનારાયણે જે પ્રસાદ ફળ કૌશલ્યાને આપ્યું હતું તેનો ભાગ રાણી કૌશલ્યાએ રાણી કૈકયીને આપ્યો હતો અને રાણી કૈકયીના હાથમાંથી અગાશી પર સમડીએ ઝૂંટવી લીધો અને ઊડી ગઈ. ઊડતાં ઊડતાં ઊંચાઈ પર



ગઈ. યોગાનુયોગ એવો બન્યો કે પુત્રઈચ્છુક દેવી અંજની પર્વતના ઊંચા સ્થાને ધ્યાનમાં બેઠાં હતાં અને હાથમાંથી અંજલિ આપતાં હતાં. સમડીની ચાંચમાંથી પુત્રકામેષ્ટીનો પ્રસાદ સરકી ગયો અને તે પ્રસાદ દેવી અંજનીના હાથમાં પડ્યો. દેવી અંજની બેહદ પ્રસન્ન થયાં. ભગવાને મારી પ્રાર્થના સાંભળી છે અને મને પ્રસાદી આપી છે એવો ભાવ પ્રગટાવી તે હાથમાંનો પ્રસાદ સંતોષપૂર્વક આરોગી ગયાં. પ્રસાદની વાત પતિ કેસરી રાજાને પણ કરી. બંને રાજી અને ખુશ થયાં.

નિયતિના નિયમ પ્રમાણે સમયાનુકૂલ ચૈત્ર માસમાં અયોધ્યામાં નવમીના દિવસે ચૈત્ર સુદ નોમે, રાણી કૌશલ્યાએ શ્રી રામને જન્મ આપ્યો અને ચૈત્ર સુદ પૂનમે દેવી અંજનીએ એક મહાબલી બાળકને જન્મ આપ્યો. તે જ શ્રી હનુમાન છે.

હનુમાન જન્મની સરસ ચમત્કારી કથા છે. પ્રાતઃ સમયે જન્મ થતાં પ્રાતઃ સમયનું લાલાશ રંગનું સૂર્યબિંબ જોઈને બાળ હનુમાને તે લેવા કૂદકો માર્યો, આકાશ તરફ ઉડાન કર્યું. એમ કથામાં ઉલ્લેખ છે અને હનુમાન દેવી અંજનીના ખોળામાં આવી ગયા.

ત્યારથી હનુમાન શ્રી રામની શોધમાં હતા અને એમની ભક્તિ કરતા હતા. સુગ્રીવના રાજમાં કેસરીનંદન હનુમાન સેનાપતિ હતા. ત્યારે શ્રીરામ, લક્ષ્મણ સીતાજી વનવાસમાં હતાં ત્યારે સીતા માતાની શોધમાં જયારે કિશ્કીંધાનગરીમાં આવ્યા ત્યારે રામ અને હનુમાનનું પ્રથમ મિલન થયું. હનુમાન

> બાળ હનુમાન સૂર્યને હાથમાં લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા તો ઇન્દ્ર ભગવાને પોતાનું અસ્ર હનુમાન તરફ ફેંક્યું અને વજાઘાત બાલ હનુમાનના નીચેના હોઠ પર થયો તેથી તેમનું નામ હનુમાન પડ્યું

રામલક્ષ્મણને પોતાના ખભા પર બેસાડીને સુગ્રીવ પાસે ગયા. રામમિલનથી હનુમાન ખૂબ જ પ્રસન્ન થયા અને રામના પરમ સેવક બન્યા. માતા સીતાની શોધ, લંકાદહન, ભરત ભેટ એવાં મહત્ત્વનાં કામો હનુમાનજીને શ્રી રામે સોંપ્યા હતાં.

તો સંત શ્રી તુલસીદાસે હનુમાન ચાલીસામાં લખ્યું જય હનુમાન જ્ઞાન ગુન સાગર જય કપિસ તિહુ લોક ઉજાગર, રામદૂત અતુલિત બલધામા અંજન પુત્ર પવન સુતનામા. શ્રી રામે તો હનુમાનજીને પોતાનો ભાઈ ગણ્યા હતા અને કહ્યું હતું હનુમાન તુ તો મારો ભરત સમભાઈ છે. એવા એકનિષ્ઠ રામસેવકની જયંતી તા. 2-4-2026 ગુરુવારે ચૈત્ર સુદ પૂનમે છે. તેની આનંદમયી ઉજવણી ભારતીય પરંપરાનો એક બળશાળી ભાગ છે.

# સમર્પિત સેવક : શ્રી હનુમાનજી

પંચામૃત
નીલાક્ષી પરીખ

શ્રી હનુમાનજીનો પ્રાગટ્ય દિવસ છે. શ્રી હનુમાનજી રામાયણના પ્રાણ છે. તો આવો, આપણે માર્ગદર્શન મેળવીએ કે શ્રી હનુમાનજી પાસે શું મંગાય? શું શીખાય? અને એ અનુસાર જીવનને મંગલ બનાવવાનો મંત્ર પ્રાપ્ત કરીએ. કળિયુગમાં હનુમાજીની પૂજા લાભકારી ગણાય છે. કળિયુગમાં સૌથી જાગૃત દેવ હનુમાનજી છે. હનુમાનજી રામનું નામ અને રામનું કામ બંને કરવાનો સંદેશ આપેછે. ફકત રામનું નામ જપીએ અને કામ ન કરીએ એ ન ચાલે. હનુમાનજી શ્રી રામના સમર્પિત સેવક છે. પૂ. ગુરુદેવ એક રસપ્રદ વાત કરે છે. શંકર સુવનના રૂપમાં પરમ ભક્ત છે. શ્રી હનુમાનજી રઘુપતિ પ્રિય ભક્ત છે. કેસરીનંદનના રૂપમાં મહાપરાક્રમી છે. વિરાગી છે. એને પોતાને માટે કંઈ ન જોઈએ. સ્વંય માટે એને કોઈ ચાહ નથી સિવાય પોતાના આરાધ્યની. અયોધ્યામાં ભગવાન શ્રી રામનો રાજયાભિષેક થયો છે. 14 વર્ષ બાદ પ્રભુ અયોધ્યામાં પધાર્યા છે. રાવણાદિ અસરુોનો ઉદ્ધાર કરી રામરાજયનો પ્રારંભ થયો છે. રાજા રામ પ્રત્યે શ્રી હનુમાનજીનો ભાવ દર્શનીય છે. બધા ઉત્સવ મનાવી રહ્યા છે. શ્રી હનુમાજી પણ ખૂબ પ્રસન્ન થઈ ઉછળકૂદ કીર 'રાઘવેન્દ્ર સરકાર કી જય નો જયકારો કરી રહ્યા છે. સીતાજી રામજીની સમીપમાં જ બિરાજમાન છે. એ ઠાકુરજીને કહે છે. કેટલી ખુશ, કેટલો પ્રસન્ન, કેટલો ભોળો છતાં એટલો જ જ્ઞાની અને બળવાન! જો એ ન હોય તો આજનો આ પ્રસંગ પણ ન હોત. એ કેટલો ખુશ છે. પ્રભુ! એને આ પ્રસંગ પણ નહોત. એ કેટલો ખુશછે. પ્રભુ! એને શું મળ્યું. રામજીએ બોલાવ્યા હનુમાનને હનુમાન! જી સરકાર આઓ. જો આજ્ઞા સરકાર. પૂછયું. કેમ એટલા ખુશ છો? કહ્યું મારા માલિકનું રાજતિલક થયું. રામ રાજા છે. આપની સત્તા ચક્રવતીની સત્તા છે. દશરથ રાજા ચક્રવર્તી હતા સીતાજીએ પૂછયું. હનુમાન પ્રભુજીને તો અયોધ્યાની ગાદી મળી, પદ મળ્યું. તમારે કારણે અયોધ્યાની ગાદી પર બિરાજમાન થયા. સુગ્રીવને કિષ્કંધાનું પદ મળ્યું. હનુમાન તમારે કારણે. આ લંકેશ વિભીષણ અહીંયા પધાર્યા છે. એમને લંકાનું પદ મળ્યું. હનુમાન તમારે કારણે તમારે કારણે જ વિભીષણ રામજીના શરણે આવ્યા.



જુઓ સુગ્રીવનો કિષ્કંધાનું પદ મળ્યું. વિભીષણને લંકાનું પદ મળ્યું. અને પ્રભુ અયોધ્યાની ગાદી પર બિરાજયા. એ બધું તમારે કારણે હનુમાન. પણ તમને શું મળ્યું? હનુમાનજીના નેત્રોમાં પ્રેમાશ્રુ છલકાયા. માને પ્રણામ કર્યા. શ્રી રામજીના બંને ચરણ પકડીને બોલ્યાં. એમને તો એક એક પદ મળ્યું. મા, મને તો બે બે પદ મળ્યા. આ ચરણોની સેવા મને મળી. આ ચરણોમાં સમર્પિત હું એટલા માટે જ એણના કરાતં વધારે પ્રસન્ન છું અને સેવાથી વધીને કંઈ નથી મા. હનુમાનજી સમર્પિત જીવનના આચાર્ય વધી કંઈ નથી. મા. હનુમાનજી સમર્પિત જીવનના આચાર્ય છે. સુંદરકાંડમાં હનુમાનજીની કથા આવે છે. રામ સેવા એ જ હનુમાનજીનું જીવન છે. રામનું નામ એ જ હનુમાનજીનું ભોજન છે. સ્મરણ અને સેવા એ હનુમાનજીનું સૂત્ર છે. સેવાધર્મનું શિક્ષણ હનુમાનજી પાસેથી શીખવુ જોઈએ. એવા આપણાં સુખ માટે નહી પણ આરાધ્યના સુખ માટે કરવાની છે. દાસ્ય ભકિતના આચાર્ય છે. શ્રી હનુમાનજી બાળપણથી જ સૂર્યની એટલે કે જ્ઞાનની ભૂખ લઈને જન્મયા છે. વિદ્યાર્થીએ એ પ્રેરણા લેવાની છે આપણી પાસે બળ, બુદ્ધિ અને વિદ્યા હોવી જોઈએ. હનુમાનજી પાસે એમંગાય. તેથી જ હનુમાન ચાલીસા કરતી વખતે

> સ્મરણ અને સેવા એ હનુમાનજીનું સૂત્ર છે. સેવાધર્મનું શિક્ષણ હનુમાનજી પાસેથી શીખવું જોઇએ

માંગીએ છીએને બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહી, હરહું કલેશ બિકાર, બલ બુદ્ધિ વિદ્યા અમને આપો. અને એ વસ્તુ તમે લઈ લો. કંઈ હરહું કલેષ બિકાર. જીવનમાં અનેક પ્રકારના કલેશ અને દુઃખ છે. કામ ક્રોધ, લોભ જેવા વિકારો છે. આપણા આરાધ્ય હનુમાનજીના મહારાજને કહીએ છે આ આપ હરી લો જુઓ હનુમાન મંદિર બનાવવું કેટલું સરળ! એક પત્થર લઈ તેના પર તેલ, સિંદુર લગાવી ગામની બહાર ચોરા પર મૂકી દીધો. બસ થઈ ગયું. હનુમાનજીનું મંદિર પથ્થરમાં હનુમાનની ભાવના છે. નહીં તો નિરાકરણને તિલક કયાં કરશો. ફૂલની માળા કયાં પહેરાવશો? આ મૂર્તિ અધિષ્ઠાન છે. ભાવ મહત્તવનો છે. તમને ખબર જ હશે કે સત્યા નારાયણની કથા કરાવવી હોય, ગણપતિની મૂર્તિ ન હોય તો ગોરબાપા સોપારી મૂકી તેના ગણપતિ બનાવી એની પૂજા કરાવશે. સોપારી માં ગણપતિ તો પત્થરમાં હનુમાન! ''ભાવે વિધતે દેવઃ ''ભાવમાં જ ભગવાન છે. હનુમાનજી! રામને સમર્પિત છે તો ભગવાન પણ એમને આધીન છે. શ્રી રામ ભરતને કહે છે,'ભરત એક -નર એવો છે. રામજી રાજા છે. સીતાજી મહારાણી છે. હનુમાનજી પણ ત્યાં બેઠા છે. રામજી સીતાજી સામે એકીટશે જોઈ રહ્યાં છે. હનુમાનજી તરફ રામજીની દૃષ્ટિ જ જતી નથી. હનુમાનજી વિહ્વળ છે. પ્રયત્ન કરે છે કે પ્રભુ મને દૃષ્ટિ આપે છતાં એમ ન થયું. તો ધ્યાન કેન્દ્રિત કરવા હનુમાનજી કરતાલ લઈ કીર્તન કરવા લાગ્યા. નાચવા લાગ્યા. છતાં દૃષ્ટિ ન મળી તો હનુમાનજીએ પ્રભુના ચરણ પકડી લીધા કે આપ મને કેમ દૃષ્ટિ આપતાં નથી? લંકામાં તો આપની દૃષ્ટિનો પ્રસાદ મને મળતો હતો. હવે કેમ નહીં? તો રામજીએ કહ્યું. 'સીતાના સેંથામાં સિંદૂર છે તે કેટલું સુંદર લાગે છે! મને એ ગમે છે' પછી તો પૂછવું જ શું? હનુમાનજી બજારમાં જઈ લઈ આવ્યા. આખા શરીરે તેલ અને સિંદૂર ચોપડી દીધું. હવે તો દૃષ્ટિનું દાન કરો પ્રભુ. હનુમાનજી રામજીના આવા પ્રેમી છે. રામચરણમાં એમણે પોતાની જાતને સમર્પિત કરી દીધી છે. 'પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા! રામલખન સીતા મન બસિયા. હનુમાનજી રામના મનમાં વસેલા છે. ફકત રામ જ નહીં સીતા અને લક્ષ્મણના મનમાં પણ વસેલા છે. એવું એમનું ચરિત્ર છે. રામજીના મનમાં તો એ છે જ કારણ કે હનુમાનજીના મનમાં રામજી છે. સીતા અને લક્ષ્મણના મનમાં પણ છે. કોઈની સાથે ફોટો પાડવો કે પડાવવો એક વાત છે પણ કોઈના મનમાં, હૃદયમાં તો રામજી છે જ. પરંતુ રામજીના હૃદયમાં પણ હનુમાનજી છે. હનુમાનજી જેવું તત્ત્વ ભોગ અને યોગ વચ્ચે ઝોલા ખાતા સાધકના જીવનને નિર્ણાયક સ્થિતિમાં મૂકે છે. સુગ્રીવનું જીવન ભોગ અને યોગ વચ્ચે ઝોલા ખાય છે. સુગ્રીવ કપિપતિ છે. ચંચળ છે. આપણું મન પણ ચંચળ છે. સુગ્રીવ ભોગમાં આસક્ત થઈ ભગવાનને જ ભૂલે. એમના કાર્યને ભૂલે. ત્યારે હનુમાન યોગ્ય દિશા આપી જીવનને ગતિશીલ કરે જગાડે, રામતત્ત્વ તરફ લઈ જાય. આપણા જીવનને સુંદર અને મંગલ બનાવવા સદગુરુ હનુમાનજીનો આશ્રય આવશ્યક છે. સૌને હનુમાન પ્રાગટ્ય દિનની બધાઈ.

(પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)